॥ आनो भद्रा क्रतवो यन्तु विश्वतः ॥

પૂજ્યશ્રી નારાયણભાઈના
ઉપદેશાત્મક વચનરત્નો

# અમૃત રત્નો

સંકલનઃ અ. મુ. શ્રી જીતુભાઈ વ્યાસ

પ્રકાશકઃ narayanleela.org

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

પૂજ્યશ્રી નારાયણભાઈના
ઉપદેશાત્મક વચનરત્નો

# અમૃત રત્નો

: સંકલન :
અ. મુ. શ્રી જીતુભાઈ વ્યાસ

સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાનરૂપ
વિશિષ્ટાદ્વૈત મતને
શ્રીમુખવાણી વચનામૃત દ્વારા
વિશિષ્ટરૂપે સરળ ભાષામાં
સચોટ રીતે પ્રતિપાદિત કરનાર,
શિક્ષાપત્રી રચી સર્વજીવહિતાવહ
આદર્શો આપી ધર્મશુદ્ધિ,
ચારિત્રશુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ દ્વારા
જીવોનો સર્વોત્કૃષ્ટ
આત્યંતિક કલ્યાણરૂપ
અભ્યુદય સાધનાર
પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ
શ્રી સ્વામિનારાયણ ભગવાનના
શ્રીચરણોમાં
શતકોટી પ્રણિપાત!



પરમ ધ્યેયસ્વરૂપ પૂર્ણ
પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન
તેમજ શ્રીહરિની
સર્વોપરી ઉપાસનાના
અદ્વિતીય - અજોડ પ્રણેતા,
શ્રીમુખવાણી વચનામૃતના
રહસ્યજ્ઞાન પ્રદાતા એવા
શ્રીજીસંકલ્પસ્વરૂપ પરમકૃપાળુ
અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાશ્રીના શ્રીચરણોમાં
કોટી કોટી વંદન સહ
શ્રદ્ધાસુમન સમર્પિત!



કારણસત્સંગના અદ્વિતીય પ્રણેતા
અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી

શ્રી સ્વામિનારાયણીય સર્વોપરી
તત્ત્વજ્ઞાન અમૃતસ્રોતને
શ્રીજીસંકલ્પ અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાશ્રીએ
કરુણા કરી માનવકુળ ઉપર
વહેવડાવ્યો તેને સ્વાતિબિંદુને
ઝીલનાર છીપની જેમ
અધ્ધરથી ઝીલી લઇ
વચનામૃત રહસ્યાર્થ
તેમજ વાતોરૂપ વચનમૌક્તિકો
પ્રગટ કરી મુમુક્ષુઓને
આંતરિક રીતે સમૃદ્ધ બનાવનાર,
દાસત્વ અંગના પ્રતીક
અ. મુ. સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને
સ્નેહસભર વંદન!



અ. મુ. સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાશ્રીનો
કૃપાપ્રસાદ પામી
સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના
વ્યતિરેક દિવ્ય સ્વરૂપનો
પોતાના આત્માને વિષે
સાક્ષાત્કાર કરી
અનાદિમુક્તની
સર્વોચ્ચ સ્થિતિએ આરૂઢ થઈ
અન્ય પાત્ર મુમુક્ષુ આત્માઓને
એવી દિવ્ય સ્થિતિનો
અનુભવ કરાવનાર
મૂર્તિમાન જ્ઞાનસ્વરૂપ એવા
અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીને
હૃદયની ભાવોર્મિ સહ વંદન!



અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

‘શિક્ષાપત્રી રહસ્યાર્થ’ નામના
ઉત્કૃષ્ટ ગ્રંથ દ્વારા
શ્રીહરિ રચિત શિક્ષાપત્રીના પરોક્ષાર્થ
તેમજ પ્રત્યક્ષાર્થને સુસ્પષ્ટ રીતે
પ્રગટ કરી સત્સંગસમાજ તેમજ
સમગ્ર માનવકુળને
ઉપકૃત કરનાર ને
અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાશ્રી થકી
અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ
પ્રાપ્ત કરનાર,
અખંડ શ્રીહરિની મૂર્તિનું જ
મનન કરનાર એવા
અ. મુ. સ. ગુ. મુનિસ્વામી
શ્રી કેશવપ્રિયદાસજીના
પદારવિંદમાં પુનઃ પુનઃ વંદન !




અ. મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

# અર્પણ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન
તથા કારણસત્સંગના અદ્વિતીય પ્રણેતા
શ્રીજી સંકલ્પસ્વરૂપ
અનાદિ મહામુક્તરાજ અબજી બાપાશ્રીએ
પ્રબોધેલા રહસ્યજ્ઞાનને જેમણે
સ્વાનુભવમાં આત્મસાત્ કરીને
વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રગટાવી અનેકને
આધ્યાત્મિક પથદર્શન કરાવ્યું છે
એવા કરુણામૂર્તિ, પરમ વાત્સલ્યસ્વરૂપ
સદ્‌ગુરુવર્ય અનાદિમુક્ત
પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કરના
અજ્ઞાનવિદારક શ્રીચરણોમાં સાદર સમર્પિત!





અનાદિમુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કર

**દિવ્ય પ્રેરણા**

સદ્‌ગુરુવર્ય અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કર

**©narayanleela.org**

( રજી. નંબર 803671974, Registered in State of Texas )

**પ્રથમ આવૃત્તિ**

પ્રત: 2000

**પ્રકાશન તારીખ**

15 નવેમ્બર, 2021 ( સોમવાર )
સંવત 2078 ના કાર્તિક સુદ - 12 (પ્રબોધિની એકાદશી)

**મૂલ્યઃ અમૂલ્ય**

**પ્રકાશક**

narayanleela.org

**મુદ્રક**

અજય ઓફ્સેટ, બારડોલપુરા, અમદાવાદ

**ગ્રાફીક્સ ડિઝાઈન**

વૃષભ આર્ટ, અમદાવાદ

## સૌજન્ય

મૂ. નિ. અ. મુ. શ્રી અનંતરાય પ્રભાશંકર દવે પરિવાર
મૂ. નિ. અ. મુ. શ્રી વિરેન્દ્રભાઈ વજેશંકર પંડયા પરિવાર
મૂ. નિ. અ. મુ. શ્રી કિશોરભાઈ મગનલાલ વ્યાસ પરિવાર

## પ્રકાશન કાર્યમાં સહાયક માનદ સેવા

અ. મુ. શ્રી જોયભાઈ વકીલ (અમદાવાદ)

## પ્રાપ્તિ સ્થાન

Website : https://www.narayanleela.org/publications
Email : info@narayanleela.org

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.

સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને.

મરણ આગમે તે ભરે મુઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને.

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.

રામ-અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની-દંન નરખે જોને.

સાધકે સદાય જાણપણારૂપી દરવાજે ઊભા રહી પોતામાં ક્યા ક્યા દોષો, સ્વભાવ, વાસનાઓ, ઇચ્છાઓ અને કેવા કેવા રાગ પડ્યા છે, તેની અંતરવૃત્તિએ નિરંતર તપાસ કરતા રહી સંકલ્પ રહિત થતા શીખવું.

સ્વામીને મૂકી દઈ સેવકમાં જોડાવાનો મહારાજે પોતે નિષેધ કર્યો છે. માટે મુક્તનું ધ્યાન ન કરવું, પણ તેની સાથે હેત રાખી, તેમની આજ્ઞા–અનુવૃત્તિમાં રહી, તેમની પાસેથી જ્ઞાન, પ્રેરણા, બળ વગેરે મેળવી અને સેવા–સમાગમે તેમને રાજી કરવા.

આપણે સ્થૂળ રીતે બ્રહ્માંડ પાસે અતિ તુચ્છ ને અલ્પ હોવા છતાં ચૈતન્યની દૃષ્ટિએ જોઈએ તો જ્યારે ચૈતન્ય ઉપરથી બધા આવરણો દૂર થાય, ત્યારે અનંત બ્રહ્માંડ કરતાં તે વિશાળ અને શક્તિશાળી બને છે. તે મુક્ત ચૈતન્યમાં અનેક બ્રહ્માંડોને પલટી નાંખવાની શક્તિ હોય છે.

મૂર્તિમાં ભક્તનો પ્રવેશ થાય પછી તે ચૈતન્ય નિરાકાર મટીને મહારાજ જેવો જ દિવ્ય સાકાર થઈ, ભાગવતીતનુ દ્વારા મૂર્તિમાં રસબસ લીન રહી રોમ રોમનું, નિતનવીન અદ્વિતીય સુખ ભોગવતો થઈ જાય છે.

– પૂજ્યશ્રી નારાયણભાઈ